# Dr. N. I. Patel Sir
Himatnagar.



① Variation method (ચલાયમાન પદ્ધતિ)
② Perturbation " (ક્ષોભ પદ્ધતિ)
③ self consistent method
④ Independed ele. method.

****

## Que:- Variation method :-

U-08, 07, 06 [ચલાયમાનની રીત :-]
-07

→ આ પદ્ધતિને આધારે 100% સાચુ wave function (તરંગફલન) મેળવી શકાતું નથી. પરંતુ લગભગ wave function મેળવી શકાય છે.

→ Variation method ને આધારે કાલ્પનિક પ્રણાલીની શક્તિને ધ્યાન ઉપર લઈ wave function નક્કી કરવામાં આવે છે પ્રણાલીની શક્તિ નીચે મુજબ ગણી શકાય છે

$$E = \frac{\int_{-\infty}^{+\infty} \psi H \psi \, d\tau}{\int_{-\infty}^{+\infty} \psi \psi \, d\tau} \longrightarrow (1)$$

$H\psi = E\psi$

$\therefore E = \frac{H\psi}{\psi}$

$\therefore E \neq H$

(E: Real value; H: symbol)

→ કોઈપણ પ્રણાલી માટે સૌપ્રથમ wave function ની ધારણા કરવામાં આવે છે.

→ ધારોકે કોઈ પ્રણાલી માટેનાં wave function $\psi_1, \psi_2, \psi_3, \psi_4, ----$ છે

→ ધારેલ wave function નો eq.(1) માં ઉપયોગ કરીને શક્તિ ગણી શકાય છે

→ ધારેલ wave function ને અનુરૂપ શક્તિ અનુક્રમે $E_1, E_2, E_3, E_4, ----$ મળે છે.

→ ગણેલી શક્તિને પ્રણાલીની Z.P.E (zero point energy), G.S.E (Ground state energy), Potensial energy ($E_0$) સાથે સરખામણી કરવામાં આવે છે આમાં જે w.f ની શક્તિ $E_0$ ની નજીકની કિંમત ધરાવતી હોય તે energy ને અનુરૂપ w.f પ્રણાલી માટે સ્વીકાર્ય (યોગ્ય) છે તેમ કહી શકાય.

→ ધારોકે, $E_0 \approx E_2$

$\therefore E_2$ ને અનુરૂપ wave function $\psi_2$ છે

$\therefore \psi_2$ wave function આ પ્રણાલી માટે સ્વીકાર્ય (યોગ્ય) છે તેમ ગણી શકાય.

→ ઉપરની પદ્ધતિ અનિશ્ચિત અને લાંબી છે.

→ કોઈપણ પ્રણાલી માટે કોઈએક wave function ની ધારણા કરવામાં આવે છે આ wave function $\psi_i$ ને અનુરૂપ eq. ① ને આધારે શક્તિ $E_i$ ગણવામાં આવે છે ગણેલ $E_i$ ને $E_0$ સાથે સરખાવતા $E_i \neq E_0$ થાય તો ધારેલ wave function $\psi_i$ માં રહેલ variables માં change કરીને ફરીથી $E_i$ ગણવામાં આવે છે. આમ, જ્યાં સુધી $E_0$ ના જેટલી જ $E_i$ ન મળે ત્યાં સુધી $\psi_i$ ~~ના~~ wave function માં variables change કરવામાં આવે છે. જ્યારે $E_i \cong E_0$ થાય ત્યારે $E_i$ ને અનુરૂપ wave function $\psi_i$ પ્રણાલી માટે યોગ્ય છે તેમ કહી શકાય. આમ, ચલાયમાનનો આધારે કરવામાં આવતા શક્તિનાં ઘટાડાને ગાણિતીક રીતે નીચે મુજબ લખી શકાય છે.

→ c ચલાયમાનનો આધારે શક્તિ E માં થતો ફેરફાર

$$\frac{\partial E}{\partial c} \approx 0$$

→ આ પદ્ધતિનો આધારે variable માં change કરીને પ્રણાલી માટેનું wave function નક્કી કરવામાં આવે છે. આથી તેને variation method કહે છે.

**example :-** a લંબાઈની x (અક્ષ) પરિમાણવાળા પેટીમાં m દ્રવ્યમાન ધરાવતો કણ x દિશામાં ગતિમાન છે. તેની G.S.E (Z.P.E) $E_0 = h^2/8ma^2$ છે. આ પ્રણાલી માટે wave function નક્કી કરો. (variation method ને આધારે)

→ અહીં, $H = \frac{-h^2}{8\pi^2 m}\frac{\partial^2}{\partial x^2} + V.$

કણ x-દિશામાં અચલ ગતિમાન હોવાથી સ્થિતિ શક્તિ V=0 લખી શકાય.

$$\therefore H = \frac{-h^2}{8\pi^2 m}\frac{\partial^2}{\partial x^2}$$

→ ધારોકે આપેલ પ્રણાલી માટેનું wave function $\psi_x = ax$ છે.

$$E = \frac{\int_{-\infty}^{+\infty} \psi H \psi \, d\tau}{\int_{-\infty}^{+\infty} \psi \psi \, d\tau}$$

$$E_1 = \frac{\int_0^a \left[ax \left\{\frac{-h^2}{8\pi^2 m}\frac{\partial^2}{\partial x^2}\right\} ax\right] dx}{\int_0^a a^2 x^2 \, dx}$$

$\frac{\partial}{\partial x} x^n = n x^{n-1}$

Page No.: 5
Date: / /

$$E_i = \frac{\frac{-h^2}{8\pi^2 m}\int_0^a \left[ax \cdot \frac{\partial^2}{\partial x^2} ax\right] dx}{\int_0^a a^2x^2\,dx}$$

$\frac{\partial^2}{\partial x^2}(ax)$

$\frac{\partial}{\partial x}(a)$

$= 0$

$\therefore E_i = 0$

$\therefore E_i \neq E_0$

$\therefore$ $E_i$ એ આ પ્રશ્નો માટે યોગ્ય (સ્વીકાર્ય) નથી.

→ આપેલ wave function $\psi_1 = ax$ માં variable change કરતાં,

$$\psi_i = ax^2$$

$$E_i = \frac{\int_0^a \left\{ax^2\left[\frac{-h^2}{8\pi^2 m}\frac{\partial^2}{\partial x^2}\right] ax^2\right\} dx}{\int_0^a a^2x^4\,dx}$$

$$= \frac{\frac{-h^2}{8\pi^2 m}\int_0^a \left[ax^2 \cdot \frac{\partial^2}{\partial x^2}(ax^2)\right] dx}{\int_0^a a^2x^4\,dx}$$

$$\frac{\partial^2}{\partial x^2}(ax^2)$$

$$= \frac{\partial}{\partial x}\left(\frac{\partial}{\partial x}(ax^2)\right)$$

$$= \frac{\partial}{\partial x}(2ax)$$

$$= 2a$$

$$= \frac{\frac{-h^2}{8\pi^2 m}\int_0^a \left[ax^2 \cdot (2a)\right] dx}{\int_0^a a^2 x^4 \, dx}$$

$$\int x^n dx = \frac{x^{n+1}}{n+1}$$

$$= \frac{\frac{-2h^2}{8\pi^2 m}\int_0^a a^2 x^2 \, dx}{\int_0^a a^2 x^4 \, dx}$$

$$\int x^2 dx = \frac{x^{2+1}}{2+1} = \frac{x^3}{3}$$

$$= \frac{\frac{-2h^2}{8\pi^2 m}\left[a^2 \cdot \frac{x^3}{3}\right]_0^a}{\left[a^2 \cdot \frac{x^5}{5}\right]_0^a}$$

$$= \frac{\frac{-2h^2}{8\pi^2 m}\left[a^2 \cdot \frac{a^3}{3} - 0\right]}{\left[a^2 \, \frac{a^5}{5} - 0\right]}$$

$$= \frac{-2h^2}{8\pi^2 m} \times \frac{a^5}{3} \times \frac{5}{a^7}$$

$$= \frac{-10h^2}{24\pi^2 m} \cdot \frac{a^5}{a^7}$$

$$E_i = \frac{-10h^2}{24(3.14)^2 m \cdot a^2} = -0.04 \frac{h^2}{8ma^2}$$

$$E_i <<< E_0$$

→ માટે ધારેલ wave function પ્રણાલી માટે યોગ્ય નથી.

→ હવે, ધારેલ wave function $\psi_i = ax$ માં variable change કરતા,

$$\psi_i = ax - x^2$$

$$E = \frac{\int_{-\infty}^{\infty} \psi H \psi \, d\tau}{\int_{-\infty}^{\infty} \psi \psi \, d\tau}$$

$$= \frac{\int_0^a \left[(ax-x^2)\left(\frac{-h^2}{8\pi^2 m}\frac{\partial^2}{\partial x^2}\right)(ax-x^2)\right] dx}{\int_0^a (a^2x^2 - 2ax^3 + x^4)\, dx}$$

$$= \frac{\frac{-h^2}{8\pi^2 m}\int_0^a \left[ax-x^2 \frac{\partial^2}{\partial x^2}(ax-x^2)\right] dx}{\int_0^a (a^2x^2 - 2ax^3 + x^4)\, dx}$$

$$\frac{\partial^2}{\partial x^2}(ax-x^2)$$
$$= \frac{\partial}{\partial x}(a-2x)$$
$$= 0 - 2(1)$$
$$= -2$$

$$= \frac{\frac{-h^2}{8\pi^2 m}\int_0^a \left[(ax-x^2)(-2)\right] dx}{\int_0^a (a^2x^2 - 2ax^3 + x^4)\, dx}$$

$$= \frac{\frac{2h^2}{8\pi^2 m}\int_0^a (ax-x^2)\, dx}{\int_0^a (a^2x^2 - 2ax^3 + x^4)\, dx}$$

$$= \frac{\frac{2h^2}{8\pi^2 m}\left[\frac{ax^2}{2} - \frac{x^3}{3}\right]_0^a}{\left[\frac{a^2x^3}{3} - \frac{2ax^4}{4} + \frac{x^5}{5}\right]_0^a}$$

$$= \frac{\frac{2h^2}{8\pi^2 m}\left[\frac{a^3}{2} - \frac{a^3}{3}\right]}{\left[a^2 \cdot \frac{a^3}{3} - 2a \cdot \frac{a^4}{4_2} + \frac{a^5}{5}\right]}$$

$$= \frac{\frac{2h^2}{8\pi^2 m} \quad \frac{a^3}{6}}{\frac{10a^5 - 15a^5 + 6a^5}{30}}$$

$$= \frac{2h^2}{8\pi^2 m} \cdot \frac{a^3}{6} \times \frac{30^{5}}{a^5}$$

$$= \frac{10h^2}{8\pi^2 m} \cdot \frac{1}{a^2}$$

$$= \frac{10\ h^2}{8\,(3.14)^2\, m} \cdot \frac{1}{a^2}$$

$$E_i \approx \frac{h^2}{8ma^2} \approx E_0$$

આથી, $\psi_1 = ax - x^2$ આપેલ પ્રણાલી માટે યોગ્ય છે

## Que Application of variation method

**** LCAO method પ્રમાણે કોઈપણ અણુનું w.f લખવા માટે અણુમાં અણુ બનવા માટે બે કે તેથી વધુ પરમાણુઓનો ફાળો રહેલો હોય છે. આથી અણુના w.f માં બંને પરમાણુઓના w.f સાથે ગાણિતીય પ્રમાણે લખવામાં આવે છે.

→ ધારોકે એક પરમાણુનું wave function $\psi_1$ અને બીજા પરમાણુનું wave function $\psi_2$ હોય તો તે બંનેથી બનતા અણુનું wave function નીચે મુજબ લખી શકાય.

$$\psi_T = c_1\psi_1 + c_2\psi_2 \quad \text{---(diatomic moleculs)}$$

$$\psi_T = c_1\psi_1 + c_2\psi_2 + c_3\psi_3 \quad \text{...(Tryatomic moleculs)}$$

$\because c_1, c_2, c_3$ = Variable (ચલાયમાન)

Que:3 ****

U-07

E-06,07,08

## Secular eq. | Matrix

(ઘણા અગત્યતા વાળી આવતું હોય તેવું)

→ Secular ~~energy~~ equation નો ઉપયોગ બે કે તેથી વધુ પરમાણુ ધરાવતા અણુઓ માટે energy ગણવા માટે થાય છે.

→ દ્વિ પરમાણુક અણુમાં બે પરમાણુ (atom) રહેલ હોય છે.

$$A + B \longrightarrow AB \quad \text{... (diatomic mole.)}$$

→ AB દ્વિપરમાણુક અણુમાં A નું w.f $\psi_1$ હોય તથા B નું w.f $\psi_2$ હોય તો L.C.A.O પદ્ધતિની આધારે w.f નીચે મુજબ લખી શકાય.

$$\psi_T = c_1\psi_1 + c_2\psi_2 \quad \text{----} \quad c_1, c_2 = \text{Variables}$$

→ ~~દ્વિ~~ ત્રિ પરમાણુક અણુ માટે w.f.

$$\psi_T = c_1\psi_1 + c_2\psi_2 + c_3\psi_3 \quad \text{--} \quad c_1, c_2, c_3 = \text{Variab}$$

→ n-પરમાણુક અણુ માટેનું w.f.

$$\psi_T = c_1\psi_1 + c_2\psi_2 + \text{---} + c_n\psi_n$$

→ આપેલ wave function પ્રણાલ માટે સ્વીકાર્ય છે કે નહિ તે નક્કી કરવા માટે Variation method ને આધારે નીચેના સ.ક. નો ઉપયોગ કરી ઊર્જા ગણવામાં આવે છે

→ બે પરમાણ્વિક અણુ માટે energy શોધવા માટે,

$$E = \frac{\int \psi H \psi \, d\tau}{\int \psi \psi \, d\tau} \longrightarrow (1)$$

આ સ.ક. માં $\psi$ ની કિંમતો મૂકતાં,

$$E = \frac{\int [(c_1\psi_1 + c_2\psi_2) H (c_1\psi_1 + c_2\psi_2)] \, d\tau}{\int [(c_1\psi_1 + c_2\psi_2)(c_1\psi_1 + c_2\psi_2)] \, d\tau}$$

$$E = \frac{\int [c_1\psi_1 H c_1\psi_1 + c_1\psi_1 H c_2\psi_2 + c_2\psi_2 H c_1\psi_1 + c_2\psi_2 H c_2\psi_2] \, d\tau}{\int [c_1^2\psi_1^2 + 2c_1\psi_1 c_2\psi_2 + c_2^2\psi_2^2] \, d\tau}$$

$$E = \frac{c_1^2 \int \psi_1 H \psi_1 \, d\tau + c_1c_2 \int \psi_1 H \psi_2 \, d\tau + c_1c_2 \int \psi_2 H \psi_1 \, d\tau + c_2^2 \int \psi_2 H \psi_2 \, d\tau}{c_1^2 \int \psi_1 \psi_1 \, d\tau + 2c_1c_2 \int \psi_1 \psi_2 \, d\tau + c_2^2 \int \psi_2 \psi_2 \, d\tau}$$

∴ હેમિલ્ટોનિયન ઓપરેટર એ હર્મિશિયન ઓપરેટર છે. નીચે મુજબ લખી શકાય.

$$\int \psi_1 H \psi_2 \, d\tau = \int \psi_2 H \psi_1 \, d\tau$$

$$E = \frac{c_1^2 \int \psi_1 H \psi_1 \, d\tau + 2c_1c_2 \int \psi_1 H \psi_2 \, d\tau + c_2^2 \int \psi_2 H \psi_2 \, d\tau}{c_1^2 \int \psi_1 \psi_1 \, d\tau + 2c_1c_2 \int \psi_1 \psi_2 \, d\tau + c_2^2 \int \psi_2 \psi_2 \, d\tau}$$

→ ઉપરનાં સ.ક. માં નીચે મુજબનાં નાના પદોનો ઉપયોગ કરતાં,

$$\int \psi_1 H \psi_2 \, d\tau = H_{12} = \int \psi_2 H \psi_1 \, d\tau = H_{21}$$

$$\int \psi_i H \psi_j \, d\tau = H_{ij} \quad --- \quad i \neq j$$

$$\int \psi_1 \psi_2 \, d\tau = S_{12} = \int \psi_2 \psi_1 \, d\tau = S_{21}.$$

આ સંકલન નો ઉપયોગ ઉપરના E મળી માં કરતા

$$E = \frac{c_1^2 H_{11} + 2c_1c_2 H_{12} + c_2^2 H_{22}}{c_1^2 S_{11} + 2c_1c_2 S_{12} + c_2^2 S_{22}} = \frac{u}{v} \longrightarrow$$

જે દ્વિ-પરમાણ્વિક અણુ માટેનું secular સ.ક. છે

→ હાઈડ્રોજન દ્વિ-પરમાણુની Z.P.E અથવા $E_0 = 0$ છે. પ્રણાલીની શક્તિને ન્યૂનતમ કરવા માટે $c_1$ અને $c_2$ મૂલ્યમાનોને બદલવામાં આવે છે. ગાણિતીય રીતે આ સિદ્ધાંતને નીચે મુજબ લખી શકાય છે.

શરત: ① શક્તિમાં થતો ફેરફાર $c_1$ ની સાપેક્ષે

$$\frac{\partial E}{\partial c_1} = 0.$$

શરત: ② શક્તિમાં થતો ફેરફાર $c_2$ ની સાપેક્ષે

$$\frac{\partial E}{\partial c_2} = 0.$$

---

Note :-

આંશિક વિકલનની શરત :-

→ વિકલન કરતી વખતે આખુ પદ અચળ હોય તો શુન્ય આવે.
→ પદમાં જેની સાપેક્ષે વિકલન કરવાનું હોય તે પદ ન હોય તો શુન્ય આવે.
→ પદમાં જેના સાપેક્ષે વિકલન કરવાનુ હોય તે પદ હોય તો બાકીના અચળ લેવા.

---

પ્રથમ શરતનો ઉપયોગ કરતાં,

જ્યાંકે, $u = c_1^2 H_{11} + 2c_1 c_2 H_{12} + c_2^2 H_{22}$

$$V = c_1^2 S_{11} + 2c_1 c_2 S_{12} + c_2^2 S_{22}$$

સ.ક ② નું $c_1$ ની સાપેક્ષે વિકલન કરતાં,

$$\frac{\partial E}{\partial c_1} = \frac{V \cdot \frac{\partial u}{\partial c_1} - u \cdot \frac{\partial V}{\partial c_1}}{V^2} \longrightarrow (3)$$

$$\left.\begin{aligned} \frac{\partial u}{\partial c_1} &= 2c_1 H_{11} + 2c_2 H_{12} + 0 \\ \frac{\partial V}{\partial c_1} &= 2c_1 S_{11} + 2c_2 S_{12} + 0 \end{aligned}\right\} \longrightarrow (4)$$

(4) ની કિંમતો (3) માં મુકતાં,

$$\frac{\partial E}{\partial c_1} = \frac{(c_1^2 S_{11} + 2c_1c_2 S_{12} + c_2^2 S_{22})(2c_1 H_{11} + 2c_2 H_{12}) - (c_1^2 H_{11} + 2c_1c_2 H_{12} + c_2^2 H_{22})(2c_1 S_{11} + 2c_2 S_{12})}{V^2}$$

પ્રથમ શરત પ્રમાણે, $\frac{\partial E}{\partial c_1} = 0$ છે,

$$0 = \frac{(c_1^2 S_{11} + 2c_1c_2 S_{12} + c_2^2 S_{22})(2c_1 H_{11} + 2c_2 H_{12}) - (c_1^2 H_{11} + 2c_1c_2 H_{12} + c_2^2 H_{22})(2c_1 S_{11} + 2c_2 S_{12})}{V^2}$$

$$(c_1^2 S_{11} + 2c_1c_2 S_{12} + c_2^2 S_{22})(2c_1 H_{11} + 2c_2 H_{12}) = (c_1^2 H_{11} + 2c_1c_2 H_{12} + c_2^2 H_{22})(2c_1 S_{11} + 2c_2 S_{12})$$

$$2c_1H_{11} + 2c_2H_{12} = \frac{(c_1^2H_{11} + 2c_1c_2H_{12} + c_2^2H_{22})(2c_1S_{11} + 2c_2S_{12})}{(c_1^2S_{11} + 2c_1c_2S_{12} + c_2^2S_{22})}$$

સમી. ② પ્રમાણે,

$$E = \frac{c_1^2H_{11} + 2c_1c_2H_{12} + c_2^2H_{22}}{c_1^2S_{11} + 2c_1c_2S_{12} + c_2^2S_{22}}$$ મૂકતાં,

$$2c_1H_{11} + 2c_2H_{12} = E(2c_1S_{11} + 2c_2S_{12})$$

$$c_1H_{11} + c_2H_{12} = Ec_1S_{11} + Ec_2S_{12}$$

$$\therefore c_1H_{11} - Ec_1S_{11} + c_2H_{12} - Ec_2S_{12} = 0$$

$$\boxed{\therefore c_1(H_{11} - ES_{11}) + c_2(H_{12} - ES_{12}) = 0} \longrightarrow ⑤$$

દ્વિ-પરમાણ્વીક અણુ માટેનું secular સ.ક. છે.

→ સ.ક ② નું $c_2$ ની સાપેક્ષે વિકલન કરતાં,

$$\frac{\partial E}{\partial c_2} = \frac{v \cdot \frac{\partial u}{\partial c_2} - u\frac{\partial v}{\partial c_2}}{v^2} \longrightarrow ⑥$$

$$\frac{\partial u}{\partial c_2} = 0 + 2c_1H_{12} + 2c_2H_{22}$$

$$\frac{\partial V}{\partial C_2} = 0 + 2c_1S_{12} + 2c_2S_{22}$$

ઉપરોક્ત કિંમતો સ.ક્ર. (6) માં મૂકતાં,

$$\frac{\partial E}{\partial C_2} = \frac{(c_1^2S_{11} + 2c_1c_2S_{12} + c_2^2S_{22})(2c_1H_{12} + 2c_2H_{22}) - (c_1^2H_{11} + 2c_1c_2H_{12} + c_2^2H_{22})(2c_1S_{12} + 2c_2S_{22})}{V^2}$$

દ્વિતીય શરત પ્રમાણે, $\frac{\partial E}{\partial C_2} = 0$ છે.

$$(c_1^2S_{11} + 2c_1c_2S_{12} + c_2^2S_{22})(2c_1H_{12} + 2c_2H_{22})$$

$$= (c_1^2H_{11} + 2c_1c_2H_{12} + c_2^2H_{22})(2c_1S_{12} + 2c_2S_{22})$$

$$2c_1H_{12} + 2c_2H_{22} = \frac{(c_1^2H_{11} + 2c_1c_2H_{12} + c_2^2H_{22})(2c_1S_{12} + 2c_2S_{22})}{c_1^2S_{11} + 2c_1c_2S_{12} + c_2^2S_{22}}$$

ઉપરોક્ત સ.ક્ર. માં સ.ક્ર. (2) ની કિંમત મૂકતાં,

$$2c_1H_{12} + 2c_2H_{22} = E(2c_1S_{12} + 2c_2S_{22})$$

$$\therefore c_1H_{12} + c_2H_{22} = Ec_1S_{12} + Ec_2S_{22}$$

~~∴ $C_1 (H_{12}$~~

~~$\therefore C_1 H_{12} - E C_1 S_{12} + C_2 H_{22} - E C_2 S_{22} = 0$~~

$$\therefore C_1 (H_{12} - ES_{12}) + C_2 (H_{22} - ES_{22}) = 0$$

~~જે દ્વિ-પરમાણુક અણુ માટેનું secular સ.ક. છે.~~

$H_{12} = H_{21}$ અને $S_{12} = S_{21}$ આ કિંમતો ઉપરોક્ત સ.ક. માં મૂકતાં,

$$C_1 (H_{21} - ES_{21}) + C_2 (H_{22} - ES_{22}) = 0$$

જે દ્વિ-પરમાણુક અણુ માટેનું secular સ.ક. છે.

બંને secular સ.ક. નીચે પ્રમાણે છે.

$$C_1 (H_{11} - ES_{11}) + C_2 (H_{12} - ES_{12}) = 0$$
$$C_1 (H_{21} - ES_{21}) + C_2 (H_{22} - ES_{22}) = 0$$

$$\begin{vmatrix} C_1 \\ C_2 \end{vmatrix} \begin{vmatrix} H_{11} - ES_{11} & H_{12} - ES_{12} \\ H_{21} - ES_{21} & H_{22} - ES_{22} \end{vmatrix} = 0.$$

→ ત્રિ-પરમાણુક અણુ માટેના secular સ.ક.

$$C_1 (H_{11} - ES_{11}) + C_2 (H_{12} - ES_{12}) + C_3 (H_{13} - ES_{13}) = 0$$
$$C_1 (H_{21} - ES_{21}) + C_2 (H_{22} - ES_{22}) + C_3 (H_{23} - ES_{23}) = 0$$
$$C_1 (H_{31} - ES_{31}) + C_2 (H_{32} - ES_{32}) + C_3 (H_{33} - ES_{33}) = 0$$

ત્રિ-પરમાણુક અણુ માટેનો મેટ્રીક્સ :-

$$\begin{vmatrix} C_1 \\ C_2 \\ C_3 \end{vmatrix} \begin{vmatrix} H_{11}-ES_{11} & H_{12}-ES_{12} & H_{13}-ES_{13} \\ H_{21}-ES_{21} & H_{22}-ES_{22} & H_{23}-ES_{23} \\ H_{31}-ES_{31} & H_{32}-ES_{32} & H_{33}-ES_{33} \end{vmatrix} = 0.$$

* n- પરમાણુક અણુ માટેનું secular સ.ક અને મેટ્રીક્સ :-

$$\psi = c_1\psi_1 + c_2\psi_2 + \cdots + c_n\psi_n$$

$\therefore c_1, c_2, \ldots c_n =$ Variable

$$c_1(H_{11}-ES_{11}) + c_2(H_{12}-ES_{12}) + c_3(H_{13}-ES_{13}) + \cdots + c_n(H_{1n}-ES_{1n})$$
$$c_1(H_{21}-ES_{21}) + c_2(H_{22}-ES_{22}) + c_3(H_{23}-ES_{23}) + \cdots + c_n(H_{2n}-ES_{2n})$$
$$\vdots \qquad \vdots \qquad \vdots \qquad \vdots$$
$$c_1(H_{n1}-ES_{n1}) + c_2(H_{n2}-ES_{n2}) + c_3(H_{n3}-ES_{n3}) + \cdots + c_n(H_{nn}-ES_{nn})$$

$$\begin{vmatrix} C_1 \\ C_2 \\ \vdots \\ C_n \end{vmatrix} \begin{vmatrix} H_{11}-ES_{11} & H_{12}-ES_{12} & \cdots & H_{1n}-ES_{1n} \\ H_{21}-ES_{21} & H_{22}-ES_{22} & \cdots & H_{2n}-ES_{2n} \\ \vdots & \vdots & \cdots & \vdots \\ H_{n1}-ES_{n1} & H_{n2}-ES_{n2} & \cdots & H_{nn}-ES_{nn} \end{vmatrix} = 0$$

Dr. N. I. Patel

## * The physical meaning of

Que:-4 $H_{ij}$ / $H_{ii}$ / $S_{ii}$ / $S_{ij}$

(1) $H_{ii} \rightarrow \int \psi_i H \psi_i \, d\tau$ ---- $i = 1, 2, 3, \ldots$

F-06 Columbic integral = $\alpha$ OR $q$

$H_{11} = \int \psi_1 H \psi_1 \, d\tau$

$H_{22} = \int \psi_2 H \psi_2 \, d\tau$ ... H = Hemiltonian operater

$$H = \frac{-h^2}{8\pi^2 m} \nabla^2 + V$$

→ હેમિલ્ટોનિયન ઓપરેટર પ્રણાલીની શક્તિ શોધવાનું ઓપરેટર છે.

→ ઉપરના સંકલનમાં કોઈ એક જ wave function એક જ પરમાણુનો નિર્દેશ કરે છે.

→ આમ, કુલ સંકલન પદ કોઈ એક પરમાણુની શક્તિની રજૂઆત કરે છે.

→ પર. મા. ઈલે. અને કેન્દ્ર વચ્ચે attraction force (columbic force) લાગતું હોય છે આથી આ સંકલન પદને columbic સંકલનપદ કહે છે.

→ ઈલે. - ન્યુક્લિયસ વચ્ચે attraction force લાગવાથી હંમેશા પર. ની શક્તિ ઓછી હોય છે. આથી આ સંકલનપદની કિંમત હંમેશા ઋણ ગણવામાં આવે છે.

columbic સંકલન = α or q
(−ve value)



② $H_{ij}$

F-06

$$H_{ij} = \int \psi_i H \psi_j \, d\tau = \beta \quad \ldots \; i, j = 1, 2, 3 \ldots n$$

→ ઉપરના સંકલનપદમાં H શક્તિનો નિર્દેશ કરે છે જે wave function $\psi_i$ અને $\psi_j$ એ બે પરમાણુઓનો ઉલ્લેખ કરે છે.

→ એટલે કે $H_{ij}$ બે પરમાણુ એકબીજા સાથે જે તે અસરની શક્તિનું સૂચન કરે છે.

→ બે પરમાણુ એકબીજાથી દૂર હોય ત્યારે દરેક પરમાણુના ઇલે. પોતાની પાસે હોય છે. જ્યારે બંને પર. ને નજીક લાવવામાં આવે ત્યારે બંને પર.ના ઇલે. એકબીજાના ન્યુક્લિયસ (કેન્દ્રો) સાથે attract force અનુભવે છે, આથી ઇલે. કયા કેન્દ્રનો છે તે નક્કી કરી શકાતું નથી. આથી બંને ઇલે. એકબીજાના આકર્ષણ અનુભવે છે.

બંને પર. નજીક આવે ત્યારે ઇલે. એક કેન્દ્ર ઉપરથી બીજા કેન્દ્ર ઉપર સંક્રમણ કરે છે. આથી અણુમાં એક નવા પ્રકારની સંક્રમણશક્તિનો ઉદ્ભવ થાય છે જેને β અથવા $H_{ij}$ થી દર્શાવાય છે. આથી આ સંકલનને સંક્રમણ સંકલનપદ કહે છે




બે પર. એકબીજાથી અનંત અંતરે હોય ત્યારે $H_{ij} = 0$ એટલે કે ઇલે. વચ્ચે સંસ્પંદન થતું નથી. જ્યારે બંને પર. માંથી અણુ બને છે. ત્યારે ઇલે. સંસ્પંદન થવાને કારણે સંસ્પંદન શક્તિ વધે છે.

$\therefore H_{ij} > 0$

$$A - B = H_{ij} > 0$$

## (3) $S_{11}$ OR $S_{22}$




$$S_{11} = \int \psi_1 \psi_1 \, d\tau$$

$$S_{ii} = \int \psi_i \psi_i \, d\tau = \int \psi_i^2 \, d\tau \quad \text{--- } i = 1, 2, 3, \text{-----}$$

$$S_{ii} = \int \psi_i^2 \, d\tau = 1 \Rightarrow \text{Normalized intigation}$$

→ ઉપરના પદમાં એક જ wave function છે જે એક જ પર. માના ઇલે.ની સંભાવના ઘનતા દર્શાવે છે.

→ હંમેશા પર. મા ઇલે. હોય જ છે. આથી આ સંકલનની કિંમત મહત્તમ/એકમ દર્શાવાય છે.

## (4) $S_{12}$ OR $S_{21}$

$$S_{12} = \int \psi_1 \psi_2 \, d\tau$$

$$S_{ij} = \int \psi_i \psi_j \, d\tau \quad \text{---} \; i \neq j = 1, 2, 3, \ldots$$




બંને પર. એકબીજાથી દૂર હોય ત્યારે તેમના કક્ષકો કે ઈલે. વચ્ચે આચ્છાદન થતું નથી જ્યારે બંને પરમાણુ એકબીજાથી નજીક આવે ત્યારે તેના ઈલેક્ટ્રોન વચ્ચે overlaping આચ્છાદન થાય છે. જેને $S_{ij}$ વડે દર્શાવાય છે. આ પર. દૂર હોય ત્યારે $S_{ij}=0$ અને બંને પરમાણુ વચ્ચે બંધન થતું હોય ત્યારે $S_{ij}>0$.

*

**પ્રશ્ન:** (5) દ્વિપરમાણુક અણુ માટે સંમિતિય અને પ્રતિસંમિતિય શક્તિ સપાટીઓ મેળવો. ($H_2^+$ માટે) [By M.O Theory]

Imp **OR** Energy state (Energy level) for diatomic mole. ($H_2^+$)

U-06

F-06

→ $H_2^+$ અણુઆયનમાં માત્ર એક જ $e^-$ રહેલો છે.

$$H^+ + H = H_2^+$$




→ $H_A$ અને $H_B$ એ પર. કેન્દ્રો છે જે સમાન છે.

→ જ્યારે બંને પર. કેન્દ્રોને નજીક લાવવામાં આવે ત્યારે $e^-$ સંસ્પંદન અનુભવે છે આથી $e^-$ કયા કેન્દ્ર પર હોઈ શકે તે નક્કી કરી શકાય નહિ જેથી શક્ય બે અણુ રચનાઓ પ્રાપ્ત થાય છે.

① ધારોકે ઇલે. $H_A$ એ કેન્દ્ર પાસે હોય તો,

$$H_A \cdot H_B^+ \rightarrow \psi_1$$

② ધારોકે ઇલે. $H_B$ કેન્દ્રની પાસે હોય તો,

$$H_A^+ \cdot H_B \rightarrow \psi_2$$

→ એક પરમાણુનું wave function $\psi_1$, બીજા પરમાણુનું wave function $\psi_2$ માટે,

Total wave function

$$\psi_T = c_1\psi_1 + c_2\psi_2 \quad ---- / \; c_1, c_2 = \text{Variables}$$

→ દ્વિ-પરમાણુક અણુ માટે સેક્યુલર સ.ક. નીચે પ્રમાણે લખી શકાય.

$$\begin{vmatrix} c_1 \\ c_2 \end{vmatrix} \begin{vmatrix} H_{11} - ES_{11} & H_{12} - ES_{12} \\ H_{21} - ES_{21} & H_{22} - ES_{22} \end{vmatrix} = 0$$

→ ઉપરનાં સ.ક. માં $c_1, c_2 = 0$ લેતાં, Total wave function $\psi_T = 0$ મળે છે. જે અણુ કે પરમાણુનું અસ્તિત્વ દર્શાવતુ નથી. જે આપણી ધારણા કરતાં જુદુ છે જે અશક્ય છે.

→ આથી $c_1$ અને $c_2 \neq 0$ હોવા જોઈએ, આમ નિશ્ચાયક = 0

$$\therefore \begin{vmatrix} H_{11} - ES_{11} & H_{12} - ES_{12} \\ H_{21} - ES_{21} & H_{22} - ES_{22} \end{vmatrix} = 0$$

→ ઉપરના નિશ્ચાયકમાં નીચે મુજબની ધારણાઓનો ઉપયોગ કરતાં,

① $H_{11} = H_{22} = \alpha$ (columbic intrigal)
$= H_A = H_B$

② $H_{12} = H_{21} = \beta$ (Resonance intrigal)
(હેમિલ્ટોનિયન ઓપરેટર હર્મિશ્યન ઓપરેટર છે.)

③ $S_{11} = S_{22} = 1$ = Normalization intrigal

④ $S_{12} = S_{21}$ = overlaping intrigal.
→ ધારો કે બંને પર. એકબીજાથી અનંત અંતરે છે
$\therefore S_{12} = S_{21} = 0$

$$\begin{vmatrix} \alpha - E(1) & \beta - E(0) \\ \beta - E(0) & \alpha - E(1) \end{vmatrix} = 0.$$

$$\begin{vmatrix} \alpha - E & \beta \\ \beta & \alpha - E \end{vmatrix} = 0$$

$\therefore (\alpha - E)^2 - \beta^2 = 0$

$\therefore (\alpha - E - \beta)(\alpha - E + \beta) = 0.$

$\alpha - E + \beta = 0$

$\therefore E = \alpha + \beta$

(Low energy) $\boxed{\therefore E_S = \alpha + \beta}$

→ Symm. energy

→ Bonding mole. energy

$\alpha - E - \beta = 0$

$\therefore E = \alpha - \beta$

$\boxed{\therefore E_A = \alpha - \beta.}$ (High energy)

→ Anti symm. energy

→ Anti bonding mole. energy

— α હંમેશાં ઋણ હોવાથી $\alpha + \beta < \alpha - \beta$ આથી.

$E_S = \alpha + \beta$ . અને $E_A = \alpha - \beta$.

→ હંમેશાં કોઈપણ અણુ માટે $E_S < E_A$ હોય છે આથી ઉપરની શક્તિ અવસ્થામાંથી જેની કિંમત ઓછી હોય તે $E_S$ દર્શાવે છે અને જેની કિંમત વધુ હોય તે $E_A$ દર્શાવે છે.

**Note :-** α - columbic intrigal હંમેશાં ઋણ કિંમત દર્શાવે છે.

energy level graph for diatomic mole.



→ જો બંને પ.ક. એકબીજાથી દૂર હોય તો તેમનાં હલે. વચ્ચે સંસ્પંદન (Resonance) થતું નથી આથી $\beta = 0$ થાય છે. જે બંને સ.ક. માં મૂકતાં,

$$E_S = E_A = \alpha$$

| | |
|---|---|
| **Note :-** | $E_S < E_A \Rightarrow$ Bonding. (stable mole.) |
| | $E_S > E_A \Rightarrow$ donot bonding. (unstable mole) |

S.Q નીચેનાં પદોને શક્તિનાં ચડતાક્રમમાં ગોઠવો.

$\alpha - 2\beta,\ \alpha - \beta,\ \alpha,\ \alpha + 2\beta,\ \alpha - 4\beta,\ \alpha + 4\beta,\ \alpha - 3$

→ $\alpha + 4\beta,\ \alpha + 2\beta,\ \alpha,\ \alpha - \beta,\ \alpha - 2\beta,\ \alpha - 3\beta,\ \alpha - 4$

S.Q $\psi = a_1 \psi_i + a_2 \psi_j + a_3 \psi_k$ માટે secular સમ લખો.

→

$$\begin{vmatrix} a_1 \\ a_2 \\ a_3 \end{vmatrix} \begin{vmatrix} H_{ii} - ES_{ii} & H_{ij} - ES_{ij} & H_{ik} - ES_{ik} \\ H_{ji} - ES_{ji} & H_{jj} - ES_{jj} & H_{jk} - ES_{jk} \\ H_{ki} - ES_{ki} & H_{kj} - ES_{kj} & H_{kk} - ES_{kk} \end{vmatrix} = 0$$

Que ⑥ :- Electron density distribution :-
(ઈલે. ઘનતા વહેંચણી)

Electron density distribution in B.M.O/A.B.M.O. for $H_2$ molecule :-

~> Structure of $H_2$ molecule :-




-> બંને ઇલેક્ટ્રોન સરખા છે.
$\therefore e_1 = e_2$

-> હાઇડ્રોજન પરમાણુના બંને કેન્દ્રો પણ સમાન છે.
$\therefore H_A = H_B$

Note:- આ que નો ans માં લખવું જરૂરી નથી.

* Wave function by valance bond theory :-

-> શક્ય બે પ્રકારની આણુરચનાઓ (Mole. structure) મળે છે.

① $e_1$ ઇલેક્ટ્રોન $H_A$ પાસે હોય અને $e_2$ ઇલેક્ટ્રોન $H_B$ પાસે હોય.

$$H_A^1 H_B^2 \longrightarrow \psi_{a(1)} \psi_{b(2)} = \psi_1$$

② $e_1$ ઇલેક્ટ્રોન $H_B$ કેન્દ્ર પાસે હોય અને $e_2$ ઇલેક્ટ્રોન $H_A$ કેન્દ્રની પાસે હોય તેમાં આવે wave function નીચે મુજબ લખાય.

$$H_A^{2}\ H_B^{1} \longrightarrow \psi_{a(2)}\,\psi_{b(1)} = \psi_2$$

∴ Total wave function $= \psi_T = c_1\psi_1 + c_2\psi_2$

## * Wave function by M.O. theory :-




$$\psi_S = N\,(\psi_1 + \psi_2)$$
$$\psi_A = N\,(\psi_1 - \psi_2)$$

... N = Normalization constant.

→ Normalization શરતને આધારે N ની કિંમત નીચે મુજબ શોધાય.

$$\int \psi^2\, d\tau = 1$$

$$\therefore \int N^2 (\psi_1 + \psi_2)^2 \, d\tau = 1$$

$$\therefore N^2 \int (\psi_1^2 + 2\psi_1\psi_2 + \psi_2^2) \, d\tau = 1$$

$$\therefore N^2 \left[ \int \psi_1^2 d\tau + 2\int \psi_1\psi_2 \, d\tau + \int \psi_2^2 d\tau \right] = 1$$

$$\therefore N^2 [1 + 2(0) + 1] = 1$$

$$\therefore 2N^2 = 1$$

$$\therefore N^2 = \frac{1}{2}$$

$$\therefore N = \frac{1}{\sqrt{2}}$$

$$\therefore \psi_S = \frac{1}{\sqrt{2}} (\psi_1 + \psi_2)$$

$$\therefore \psi_A = \frac{1}{\sqrt{2}} (\psi_1 - \psi_2)$$

→ હવે સંભાવના ઘનતા $\psi^2$ વડે રજૂ કરવામાં આવે છે $\psi_S$ અને $\psi_A$ માં હવે સંભાવના ઘનતા સમજવા $\psi_S^2$ અને $\psi_A^2$ મેળવવા પડે.

$$\psi_S^2 = \frac{1}{2} (\psi_1^2 + \psi_2^2 + 2\psi_1\psi_2) \text{ --- (Bonding ele. density)}$$

$$\psi_A^2 = \frac{1}{2} (\psi_1^2 + \psi_2^2 - 2\psi_1\psi_2) \text{ --- (Antibonding ele. density)}$$

## → $\psi_S^2$ અને $\psi_A^2$ નું ભૌમિતિક અર્થઘટન :-




~> $\psi_S^2$ માં ત્રણ પદો રહેલા છે. $\psi_1^2$, $\psi_2^2$ અને +2 જે $\psi_1^2$ અને $\psi_2^2$ ઉપરાંત $+2\psi_1\psi_2$ જેટલી વધુ ઇલે. ઘનતા દર્શાવે છે. એટલે કે બંને કેન્દ્રો (બ વચ્ચે $2\psi_1\psi_2$ જેટલી ઇલે. ઘનતા હોવાથી બંધન થયેલું હોય છે.

~> $\psi_A^2$ માં ત્રણ પદો રહેલા છે $\psi_1^2$, $\psi_2^2$ અને $-2\psi_1\psi_2$. જેમાં $\psi_1^2$ અને $\psi_2^2$ જેટલી સંભાવના ઘન રહેલી છે પરંતુ બંને કેન્દ્રો વચ્ચેની સંભાવના ઘનતા $2\psi_1\psi_2$ જેટલી ઓછી દર્શાવે છે. એટ બંને કેન્દ્રો ઉપર ઇલે. ઘનતા હોય છે પરંતુ કેન્દ્રોની વચ્ચે ઇલે. સંભાવના ઘનતા ઓછી જે બે કેન્દ્રો વચ્ચે બંધનનો પ્રતિકાર કરે છે.

****

## Que:-7 stability of $H_2^+$ molecule :-

OR V.B. theory ને આધારે $H_2^+$ અણુઆયન માટે સંમિતિય અને પ્રતિસંમિતિય શક્તિ સપાટીઓની કિંમત મેળવો.

→




→ ધારોકે બે કેન્દ્રો વચ્ચેનું અંતર rab છે

A કેન્દ્રથી $e^-$ નું અંતર $= r_A$

B કેન્દ્રથી $e^-$ નું અંતર $= r_B$.

A અને B કેન્દ્ર વચ્ચેનુ અંતર = rab.

→ જ્યારે બંને પ.ર. એકબીજાથી નજીક આવે છે ત્યારે $e^-$ એક કેન્દ્ર ઉપરથી બીજા કેન્દ્ર ઉપર સંક્રમિત થાય છે. આથી હવે ક્યા કેન્દ્ર ઉપર હશે તે ચોક્કસ રીતે કહી શકાતું નથી આથી મળતી શક્ય બે અણુરચનાઓ નીચે પ્રમાણે છે.

(1) $H_A H_B^+ \rightarrow \phi_1$

ધારોકે હવે A કેન્દ્ર પાસે છે અને તેનું wave function $\phi_1$ છે.

(2) ધારોકે હવે B કેન્દ્ર પાસે છે અને તેનું wave function $\phi_2$ છે

$H_A^+ H_B \rightarrow \phi_2$

∴ Total wave function

$$\psi_T = c_1\psi_1 + c_2\psi_2$$

→ $H_2^+$ એ દ્વિપરમાણુક અણુ છે.

∴ દ્વિપરમાણુક અણુ માટેનો સેક્યુલર મેટ્રીક્સ,

$$\begin{matrix} c_1 \\ c_2 \end{matrix} \begin{vmatrix} H_{11} - ES_{11} & H_{12} - ES_{12} \\ H_{21} - ES_{21} & H_{22} - ES_{22} \end{vmatrix} = 0.$$

જ્યાં, $c_1, c_2 \neq 0$

$$\therefore \begin{vmatrix} H_{11} - ES_{11} & H_{12} - ES_{12} \\ H_{21} - ES_{21} & H_{22} - ES_{22} \end{vmatrix} = 0.$$

- $H_{11} = H_{22}$ = Culmbic intrigal. $= \alpha$ (H-Atom સરખા) $\varphi_1 = \varphi_2$
- $H_{21} = H_{12}$ = Resonance intrigal. (H-Hamilton
- $S_{11} = S_{22} = 1$ = Normalization intrigal ($H_A = H_B$)
- $S_{12} = S_{21}$ = Overlaping intrigal. $\int \varphi_1 \varphi_2 = \int \varphi_2 \varphi_1$

$$\begin{vmatrix} H_{11} - E & H_{12} - ES_{12} \\ H_{12} - ES_{12} & H_{11} - E \end{vmatrix} = 0.$$

$$(H_{11} - E)^2 - (H_{12} - ES_{12})^2 = 0$$

| | |
|---|---|
| $\therefore H_{11} - E - H_{12} + ES_{12} = 0$ | $H_{11} - E + H_{12} - ES_{12} = 0$ |
| $\therefore E = H_{11} - H_{12} + ES_{12}$ | $\therefore E = H_{11} + H_{12} - ES_{12}$ |
| $E - ES_{12} = H_{11} - H_{12}$ | $\therefore E + ES_{12} = H_{11} + H_{12}$ |
| $E(1 - S_{12}) = H_{11} - H_{12}$ | $\therefore E(1 + S_{12}) = H_{11} + H_{12}$ |

$\therefore E = \dfrac{H_{11} - H_{12}}{1 - S_{12}}$ $\qquad$ $\therefore E = \dfrac{H_{11} + H_{12}}{1 + S_{12}}$

$H_{11}$ = columbic integral છે જેની કિંમત હંમેશાં ઋણ હોય છે આથી આપણી $E_S$ અને નું $E_A$.

$$\therefore E_S = \frac{H_{11} + H_{12}}{1 + S_{12}} \qquad E_A = \frac{H_{11} - H_{12}}{1 - S_{12}}$$

① calculation of $H_{11}$ for $H_2^+$

$$H_{11} = \int \psi_1 H \psi_1 \, d\tau \quad \rightsquigarrow (1)$$

જ્યાં, H = hemiltonium operator

$$H = \frac{-h^2}{8\pi^2 m} \nabla^2 + V \quad \rightsquigarrow (2)$$

(1 ઇલે. પ્રણાલી માટે)

[**Note** :- Potensial energy V = columbic force × radial

columbic force = C.F = $\pm \dfrac{q_1 q_2}{r^2}$




(attraction થાય તો − ચિહ્ન Repulsion થાય તો + ચિહ્ન)

$$\therefore V = \pm \frac{q_1 q_2}{r^2} \times r$$

$$\therefore V = \pm \frac{q_1 q_2}{r}$$ ]

→ વધારે columbic force હોય તો potensial energy શોધવા માટે નીચેનું સૂત્ર વાપરવું.

$$V = \Sigma \pm \frac{q_1 q_2}{r}$$




$$\therefore V = -\frac{e \cdot ze}{r_a} - \frac{eze}{r_b} + \frac{ze\, ze}{r_{ab}}$$

હાઈડ્રોજન પરમાણુ માટે $Z = 1$ લેતાં,

$$\therefore V = \frac{-e^2}{r_a} - \frac{e^2}{r_b} + \frac{e^2}{r_{ab}} \longrightarrow (3)$$

(3) ની કિંમત (2) માં મૂકતાં,

$$H = \frac{-h^2}{8\pi^2 m} \nabla^2 - \frac{e^2}{r_a} - \frac{e^2}{r_b} + \frac{e^2}{r_{ab}} \longrightarrow (4)$$

(4) ની કિંમત (1) માં મૂકતાં,

$$H_{11} = \int \psi_1 \left( \frac{-h^2}{8\pi^2 m} \nabla^2 - \frac{e^2}{r_a} - \frac{e^2}{r_b} + \frac{e^2}{r_{ab}} \right) \psi_1 \, d\tau \longrightarrow (5)$$

→ જો કોઈ એક જ હાઈડ્રોજન પરમાણુ હોય તો તેની પ્રારંભિક શક્તિ $E_0$ (Z.P.E) નીચે મુજબ શોધાય

$$H_0 = E_0 = \frac{-h^2}{8\pi^2 m} \nabla^2 - \frac{e^2}{r_a} \longrightarrow (6)$$

→ સ.ક્ર (6) ની કિંમત (5) માં મૂકતાં,

$$H_{11} = \int \psi_1 \left[ E_0 - \frac{e^2}{r_b} + \frac{e^2}{r_{ab}} \right] \psi_1 \, d\tau$$

Z.P.E = $E_0$ = હાઇડ્રોજન પર. ની પ્રારંભિક શક્તિ છે
માટે તે અચળ છે = constant.
e = constant
$r_{ab}$ = બે પર. કેન્દ્રો વચ્ચેનું અંતર = Bond length
= constant.
$r_b$ = ઇલે. અને $H_b$ કેન્દ્ર વચ્ચેનું અંતર છે જે
અચળ નથી. (ઇલે. કંપન કરે છે માટે..)

$$H_{11} = E_0 \int \psi_1^2 d\tau - e^2 \int \frac{1}{r_b} \psi_1^2 d\tau + \frac{e^2}{r_{ab}} \int \psi_1^2 d\tau$$

જ્યાં, $\int \psi_1^2 d\tau = 1$.

$$H_{11} = E_0 - e^2 \int \frac{1}{r_b} \psi_1^2 d\tau + \frac{e^2}{r_{ab}}$$

$$\therefore H_{11} = E_0 + \frac{e^2}{r_{ab}} - e^2 \int \frac{1}{r_b} \psi_1^2 d\tau$$

ધારોકે $J = e^2 \int \frac{1}{r_b} \psi_1^2 d\tau$

$$\therefore H_{11} = E_0 + \frac{e^2}{r_{ab}} - J \longrightarrow (7)$$

જ્યાં, J = ① કોઈપણ કેન્દ્ર ઉપર ઈલે. ઘનતા દર્શાવે છે
② આ ઈલે. ઘનતા માત્ર $H_b$ કેન્દ્ર ઉપર જ હશે

## Calculation of $H_{12}$ for $H_2^+$ :-

$$H_{12} = \int \psi_1 H \psi_2 \, d\tau \longrightarrow (8)$$

H = Hemiltonium operater

$$H = \frac{-h^2}{8\pi^2 m} \nabla^2 + V \longrightarrow (9)$$

→ વધારે columbic force લાગે છે માટે potensial energy નીચે પ્રમાણે લેવાય.

$$\therefore V = \Sigma \pm \frac{q_1 q_2}{r}$$

$$V = -\frac{e \cdot Ze}{r_a} - \frac{e \cdot Ze}{r_b} + \frac{Ze \cdot Ze}{r_{ab}}$$

ફરીથી લખવાની જરૂર નથી.

હાઈ. પરમાણુ માટે Z = 1 લેતાં,

$$\therefore V = -\frac{e^2}{r_a} - \frac{e^2}{r_b} + \frac{e^2}{r_{ab}} \longrightarrow (10)$$

(10) ની કિંમત (9) માં મુકતાં,

$$H = \frac{-h^2}{8\pi^2 m}\nabla^2 - \frac{e^2}{r_a} - \frac{e^2}{r_b} + \frac{e^2}{r_{ab}} \longrightarrow (11)$$

(11) ની કિંમત (8) માં મુકતાં,

$$H_{12} = \int \psi_1 \left(\frac{-h^2}{8\pi^2 m}\nabla^2 - \frac{e^2}{r_a} - \frac{e^2}{r_b} + \frac{e^2}{r_{ab}}\right)\psi_2 \, d\tau \longrightarrow (12)$$

→ એક જ પર. હોય તો તેની પ્રારંભિક શક્તિ $E_0$ (Z.P.E) નીચે મુજબ લખાય.




$$H_0 = E_0 = \frac{-h^2}{8\pi^2 m}\nabla^2 - \frac{e^2}{r_a} \longrightarrow (13)$$

(13) ની કિંમત (12) માં મુકતાં,

$$H_{12} = \int \psi_1 \left[E_0 - \frac{e^2}{r_b} + \frac{e^2}{r_{ab}}\right]\psi_2 \, d\tau$$

$$H_{12} = E_0\int \psi_1 \psi_2 \, d\tau - e^2\int \psi_1 \cdot \frac{1}{r_b}\psi_2 \, d\tau + \frac{e^2}{r_{ab}}\int \psi_1 \cdot \psi_2 \, d\tau$$

$$= E_0 S_{12} - e^2\int \frac{1}{r_b}\psi_1\psi_2 \, d\tau + \frac{e^2}{r_{ab}} S_{12}$$

$$= E_0 S_{12} + \frac{e^2}{r_{ab}} S_{12} - e^2 \int \frac{1}{r_b} \psi_1 \psi_2 \, d\tau$$

$$\boxed{H_{12} = E_0 S_{12} + \frac{e^2}{r_{ab}} S_{12} - K} \longrightarrow (14)$$

જ્યાં, $K = e^2 \int \frac{1}{r_b} \psi_1 \psi_2 \, d\tau \longrightarrow (15)$

જ્યાં, K એ $e^-$ અને b કેન્દ્ર વચ્ચેનું આકર્ષણબળ રજૂ કરે છે. ઉપરાંત બંને કેન્દ્રો ઉપર $e^-$ ઘેરાશ સંભાવના ઘનતા રજૂ કરે છે.

$$E_S = \frac{H_{11} + H_{12}}{1 + S_{12}} \longrightarrow (16)$$

(16) માં, (7) અને (14) ની કિંમત મૂકતાં,

$$E_S = \frac{E_0 + \frac{e^2}{r_{ab}} - J + E_0 S_{12} + \frac{e^2}{r_{ab}} S_{12} - K}{1 + S_{12}}$$

$$= \frac{E_0 (1 + S_{12}) + \frac{e^2}{r_{ab}} (1 + S_{12}) - 1(J + K)}{1 + S_{12}}$$

$$E_S = E_0 + \frac{e^2}{r_{ab}} - \frac{(J+K)}{1+S_{12}}$$

$$E_A = \frac{H_{11} - H_{12}}{1 - S_{12}}$$

$$= \frac{E_0 + \frac{e^2}{r_{ab}} - J - E_0 S_{12} - \frac{e^2}{r_{ab}} S_{12} + K}{1 - S_{12}}$$

$$= \frac{E_0 (1 - S_{12}) + \frac{e^2}{r_{ab}} (1 - S_{12}) - 1 (J - K)}{1 - S_{12}}$$

$$E_A = E_0 + \frac{e^2}{r_{ab}} - \frac{(J-K)}{1-S_{12}}$$

ધારોકે બંને પર. કેન્દ્રો $H_A$ અને $H_B$ એકબીજાથી અનંત અંતરે છે.

∴ તેમની વચ્ચે overlaping થયેલું હોતું નથી.

$\therefore S_{12} = 0$.

$$\therefore E_S = E_0 + \frac{e^2}{r_{ab}} - J - K \longrightarrow (17)$$

$$E_A = E_0 + \frac{e^2}{r_{ab}} - J + K \longrightarrow (18)$$

સ.ક (17) અને (18) માં (7) ની કિંમત મૂકતાં,

$\therefore E_S = H_{11} - K$      $\therefore E_A = H_{11} + K$

જ્યાં, $H_{11}$ = Culombic energy રજૂ કરે છે.

$K = e^2 \int \frac{1}{r_b} \psi_1 \psi_2 \, d\tau$.

અહીં,

1) $E_S > E_A$ --- ($H_{11}$ હંમેશા ઋણ હોય છે.)
બંધન થવા માટે હંમેશાં $E_S < E_A$ હોય છે. પરંતુ અહીં.
→ જે વાસ્તવિકતાથી ઊલટું છે. આથી કહી શકાય કે $H_2^+$ અણુ આયન અસ્થિર છે.

2) K એટલે બંને કેન્દ્રો ઉપરનું ભારવાહક દર્શાવે છે. $H_2^+$ માટે $E_S = H_{11} - K$ છે જે દર્શાવે છે કે બંને કેન્દ્રોને નજીક લાવવા છતાં $e^-$ ભારવાહક બંને કેન્દ્રો ઉપર હોતું નથી. જે વાસ્તવિકતા નથી. આથી $H_2^+$ અણુ આયન અસ્થિર છે. તેમ કહી શકાય.

F-06, 07, 08
J-08

## Que :- (8) stability of $H_2$ molecuts :-

→ structure of $H_2$ mole.

*
*




→ અહીં બંને ઇલે. સમાન છે. ઉપરાંત
બંને કેન્દ્રો પણ સમાન છે.

ધારોકે,

બે કેન્દ્રો વચ્ચેનું અંતર = $r_{ab}$

$H_A$ કેન્દ્રનું wave function = $\psi_A$

$H_B$ કેન્દ્રનું wave function = $\psi_B$.

(1) $e_1$ ઇલે. એ $H_A$ કેન્દ્ર પાસે હોય અને $e_2$ ઇલે. એ $H_B$ કેન્દ્ર પાસે હોય, તો

$$H_{A(1)} H_{B(2)} = \psi_{a(1)} \psi_{b(2)} = \psi_1 \longrightarrow (1)$$

(2) $e_2$ ઇલે. $H_A$ કેન્દ્ર પાસે હોય અને $e_1$ ઇલે. એ $H_B$ કેન્દ્ર પાસે હોય, તો

$$H_{A(2)} H_{B(1)} = \psi_{a(2)} \psi_{b(1)} = \psi_2 \longrightarrow (2)$$

Total wave function

$$\psi_T = c_1\psi_1 + c_2\psi_2 \quad \ldots c_1, c_2 = \text{Variable}$$

$\ldots H_2$ = diatomic mole.

**Other wave function :-**

સમી. ① અને સમી. ② ના M.O સિદ્ધાંતને આધારે નીચે મુજબ બે wave function તરીકે લખી શકાય

$$\psi_S = \psi_1 + \psi_2 \quad \text{--- Symmetrical}$$

$$\psi_A = \psi_1 - \psi_2 \quad \text{--- Antisymmetrical.}$$

$$\psi_S = \psi_{a(1)}\psi_{b(2)} + \psi_{a(2)}\psi_{b(1)} \longrightarrow ③$$

$$\psi_A = \psi_{a(1)}\psi_{b(2)} - \psi_{a(2)}\psi_{b(1)} \longrightarrow ④$$

③ અને ④ કક્ષીય તરંગફલનો છે.
ઉપરનાં સમી. (1), (2), (3) અને (4) એ અસંયોજક wave function છે.

→ $e_1$ અને $e_2$ $H_A$ કેન્દ્ર પાસે છે

$$H_A^-{}_{(1)(2)}\ H_B^+ = \psi_{a(1)}\psi_{a(2)} = \psi_3$$

→ $e_1$ અને $e_2$ $H_B$ કેન્દ્ર પાસે છે.

$$H_A^+ \; H^-_{B(1)(2)} = \psi_{b(1)}\psi_{b(2)} = \psi_4$$

→ $\psi_3$ અને $\psi_4$ એ આયોનિક wave function છે.

∴ Total wave function

$$\psi_T = \underbrace{\psi_1 + \psi_2}_{\text{Covalent w.f.}} + \underbrace{\psi_3 + \psi_4}_{\text{Ionic w.f.}}$$

* **Energy state for $H_2$ molecule :-** (diatomic)

$$\psi_T = c_1\psi_1 + c_2\psi_2$$

diatomic mole. માટે secular matrix :-

$$\begin{vmatrix} c_1 \\ c_2 \end{vmatrix} \begin{vmatrix} H_{11}-ES_{11} & H_{12}-ES_{12} \\ H_{21}-ES_{21} & H_{22}-ES_{22} \end{vmatrix} = 0.$$

$c_1$ & $c_2 \neq 0$.

$$\therefore \begin{vmatrix} H_{11}-ES_{11} & H_{12}-ES_{12} \\ H_{21}-ES_{21} & H_{22}-ES_{22} \end{vmatrix} = 0$$

$H_{11} = H_{22}$ = columbic intrigal. $H_A = H_B$

$H_{21} = H_{12}$ = Resonance intrigal. – H-Hermitian

$S_{11} = S_{22} = 1$ ? Normalization w.f.

$S_{12} = S_{21}$ = Overlaping intrigal.

$$\begin{vmatrix} H_{11} - E & H_{12} - ES_{12} \\ H_{12} - ES_{12} & H_{11} - E \end{vmatrix} = 0$$

$$(H_{11} - E)^2 - (H_{12} - ES_{12})^2 = 0$$

| | |
|---|---|
| $H_{11} - E + H_{12} - ES_{12} = 0$ | $H_{11} - E - H_{12} + ES_{12} = 0$ |
| $\therefore E = H_{11} + H_{12} - ES_{12}$ | $\therefore E = H_{11} - H_{12} + ES_{12}$ |
| $\therefore E + ES_{12} = H_{11} + H_{12}$ | $\therefore E - ES_{12} = H_{11} - H_{12}$ |
| $\therefore E(1+S_{12}) = H_{11} + H_{12}$ | $\therefore E(1-S_{12}) = H_{11} - H_{12}$ |
| $\therefore E = \frac{H_{11} + H_{12}}{1+S_{12}}$ | $\therefore E = \frac{H_{11} - H_{12}}{1-S_{12}}$ |

$H_{11}$ = columbic integral છે. તેની કિંમત હંમેશાં ऋણ હોય છે.

$$\therefore E_S = \frac{H_{11} + H_{12}}{1+S_{12}} \longrightarrow (A) \qquad \therefore E_A = \frac{H_{11} - H_{12}}{1-S_{12}} \longrightarrow (B)$$

calculation of $H_{11}$ for $H_2$

$$H_{11} = \int \psi_1 H \psi_1 \, d\tau \longrightarrow (6)$$

જ્યાં, $\psi_1 = \psi_{a(1)} \psi_{b(2)}$

$$\psi_2 = \psi_{a(2)} \psi_{b(1)}$$

$$H = \frac{-h^2}{8\pi^2 m}\left(\nabla_1^2 + \nabla_2^2\right) + V \longrightarrow (6)$$

Potensial energy →

$$V = \frac{-e^2}{r_{a(1)}} - \frac{e^2}{r_{b(2)}} - \frac{e^2}{r_{a(2)}} - \frac{e^2}{r_{b(1)}} + \frac{e^2}{r_{12}} + \frac{e^2}{r_{ab}} \longrightarrow (7)$$

→ સ.ક (7) ની કિંમત સ.ક (6) માં મૂકતાં,

$$H = \frac{-h^2}{8\pi^2 m}\left(\nabla_1^2 + \nabla_2^2\right) - \frac{e^2}{r_{a(1)}} - \frac{e^2}{r_{b(2)}} - \frac{e^2}{r_{a(2)}} - \frac{e^2}{r_{b(1)}} + \frac{e^2}{r_{12}} + \frac{e^2}{r_{ab}} \longrightarrow (8)$$

→ સ.ક (8) ની કિંમત સ.ક (5) માં મૂકતાં,

$$H_{11} = \int \psi_1 \left[\frac{-h^2}{8\pi^2 m}\nabla_1^2 - \frac{h^2}{8\pi^2 m}\nabla_2^2 - \frac{e^2}{r_{a(1)}} - \frac{e^2}{r_{b(2)}} - \frac{e^2}{r_{a(2)}} - \frac{e^2}{r_{b(1)}} + \frac{e^2}{r_{12}} + \frac{e^2}{r_{ab}}\right]\psi_1 \, d\tau \longrightarrow (9)$$

$H_A$ માટે હેમીલ્ટોનિયન ઓપરેટર નીચે મુજબ લખી શકાય જે હાઇડ્રોજનની સ્વતંત્ર પરમાણુ માટેની ટ.P.E છે.




$$\therefore H_0 = E_0 = \frac{-h^2}{8\pi^2 m}\nabla_1^2 - \frac{e^2}{r_{a(1)}} \longrightarrow (10)$$

→ $H_B$ માટે હેમિલ્ટોનિયન ઓપરેટર નીચે મુજબ શોધાય. જે હાઇડ્રોજનની અવસ્થા પર. આ તેની Z.P.E છે.




$$H_0 = E_0 = \frac{-h^2}{8\pi^2 m}\nabla_2^2 - \frac{e^2}{r_{b(2)}} \longrightarrow (11)$$

(10) અને (11) ની કિંમત (9) માં મૂકતાં,

$$H_{11} = \int \psi_1 \left[2E_0 - \frac{e^2}{r_{a(2)}} - \frac{e^2}{r_{b(1)}} + \frac{e^2}{r_{12}} + \frac{e^2}{r_{ab}}\right]\psi_1\, d\tau$$

અહીં, $E_0$ = Z.P.E = constant.
$e$ = ઇલે.નો ચાર્જ = constant.
$r_{ab}$ = અચળ છે.
$r_{12}$ = અચળ નથી.
$r_{a(2)}, r_{b(1)}$ = અચળ નથી.

$$H_{11} = 2E_0\int \psi_1^2 d\tau - e^2\int \frac{1}{r_{a(2)}}\psi_1^2 d\tau - e^2\int\frac{1}{r_{b(1)}}\psi_1^2 d\tau$$

$$+ e^2\int\frac{1}{r_{12}}\psi_1^2 d\tau + \frac{e^2}{r_{ab}}\int\psi_1^2 d\tau$$

જ્યાં, $\int \psi_1^2 \, d\tau = 1$

$$\therefore H_{11} = 2E_0 + \frac{e^2}{r_{ab}} - e^2\int \frac{1}{r_{a(2)}} \psi_1^2 \, d\tau - e^2\int \frac{1}{r_{b(1)}} \psi_1^2 \, d\tau$$

$$+ e^2 \int \frac{1}{r_{12}} \psi_1^2 \, d\tau$$

$$e^2\int \frac{1}{r_{a(2)}} \psi_1^2 \, d\tau = e^2 \int \frac{1}{r_{b(1)}} \psi_1^2 \, d\tau = J_2$$

$$e^2\int \frac{1}{r_{12}} \psi_1^2 \, d\tau = J_1$$

$$\therefore H_{11} = 2E_0 + \frac{e^2}{r_{ab}} + J_1 - 2J_2 \longrightarrow (12)$$

$J_2$ = કોઈ એક ઈલે. નો કોઈ ~~એક~~ અન્ય કેન્દ્ર ઉપર સંભાવના ઘનતા દર્શાવે છે.

[કે જે અણુ બને છે તેનુ સમજાવે છે]

$J_1$ = એક જ કેન્દ્ર ઉપર બંને ઈલે. નુ ભારવાદળ (સંભાવના) ઘનતા બતાવે છે.

[કે જે અણુ બનવાનુ સમર્થન કરતો નથી]

## Calculation of $H_{12}$ :-

$$H_{12} = \int \psi_1 H \psi_2 \, d\tau$$

$$H_{12} = \int \psi_1 \left[ \frac{-h^2}{8\pi^2 m} \nabla_1^2 - \frac{h^2}{8\pi^2 m} \nabla_2^2 - \frac{e^2}{r_{a(1)}} - \frac{e^2}{r_{b(2)}} - \frac{e^2}{r_{a(2)}} - \frac{e^2}{r_{b(1)}} + \frac{e^2}{r_{12}} + \frac{e^2}{r_{ab}} \right] \psi_2 \, d\tau$$

→ H.O for $H_A$

$$H_0 = E_0 = \frac{-h^2}{8\pi^2 m} \nabla_1^2 - \frac{e^2}{r_{a(1)}}$$

→ H.O. for $H_B$.

$$H_0 = E_0 = \frac{-h^2}{8\pi^2 m} \nabla_2^2 - \frac{e^2}{r_{b(2)}}$$

$$H_{12} = \int \psi_1 \left[ 2E_0 - \frac{e^2}{r_{a(2)}} - \frac{e^2}{r_{b(1)}} + \frac{e^2}{r_{12}} + \frac{e^2}{r_{ab}} \right] \psi_2 \, d\tau$$

$$H_{12} = 2E_0 \int \psi_1 \psi_2 \, d\tau - e^2 \int \frac{1}{r_{a(2)}} \psi_1 \psi_2 \, d\tau$$

$$- e^2 \int \frac{1}{r_{b(1)}} \psi_1 \psi_2 \, d\tau + e^2 \int \frac{1}{r_{12}} \psi_1 \psi_2 \, d\tau$$

$$+ \frac{e^2}{r_{ab}} \int \psi_1 \psi_2 \, d\tau.$$

$$= 2E_0 S_{12} - e^2 \int \frac{1}{r_{a(2)}} \psi_1 \psi_2 \, d\tau - e^2 \int \frac{1}{r_{b(1)}} \psi_1 \psi_2 \, d\tau$$

$$+ e^2 \int \frac{1}{r_{12}} \psi_1 \psi_2 \, d\tau + \frac{e^2}{r_{ab}} S_{12}$$

$$= 2E_0 S_{12} + \frac{e^2}{r_{ab}} S_{12} - e^2 \int \frac{1}{r_{a(2)}} \psi_1 \psi_2 \, d\tau$$

$$- e^2 \int \frac{1}{r_{b(1)}} \psi_1 \psi_2 \, d\tau + e^2 \int \frac{1}{r_{12}} \psi_1 \psi_2 \, d\tau$$

$$e^2 \int \frac{1}{r_{a(2)}} \psi_1 \psi_2 \, d\tau = e^2 \int \frac{1}{r_{b(1)}} \psi_1 \psi_2 \, d\tau = K_2$$

$$e^2 \int \frac{1}{r_{12}} \psi_1 \psi_2 \, d\tau = K_1$$

$$H_{12} = 2E_0 S_{12} + \frac{e^2}{r_{ab}} S_{12} + K_1 - 2K_2 \longrightarrow (13)$$

$K_2$ = એક જ ઈલે. ની બંને કેન્દ્ર ઉપર સંભાવના ઘનતા દર્શાવે છે.

$K_1$ = બંને ઈલે. ની બંને કેન્દ્ર ઉપરની સંભાવના ઘનતા દર્શાવે છે.

સમી. (12) અને (13) ની કિંમત (A) અને (B) માં મૂકતાં,

$$E_S = \frac{H_{11} + H_{12}}{1 + S_{12}}$$

$$= \frac{2E_0 + \frac{e^2}{r_{ab}} + J_1 - 2J_2 + 2E_0 S_{12} + \frac{e^2}{r_{ab}} S_{12} + K_1 - 2K_2}{1 + S_{12}}$$

$$= \frac{2E_0 (1 + S_{12}) + \frac{e^2}{r_{ab}} (1 + S_{12}) + J_1 - 2J_2 + K_1 - 2K_2}{1 + S_{12}}$$

$$E_S = 2E_0 + \frac{e^2}{r_{ab}} + \frac{J_1 - 2J_2 + K_1 - 2K_2}{1 + S_{12}}$$

$$E_A = \frac{H_{11} - H_{12}}{1 - S_{12}}$$

$$= \frac{2E_0 + \frac{e^2}{r_{ab}} + J_1 - 2J_2 - 2E_0 S_{12} - \frac{e^2}{r_{ab}} S_{12} - K_1 + 2K_2}{1 - S_{12}}$$

$$E_A = \frac{2E_0(1 - S_{12}) + \frac{e^2}{r_{ab}}(1 - S_{12}) + J_1 - 2J_2 - K_1 + 2K_2}{1 - S_{12}}$$

$$\therefore E_A = 2E_0 + \frac{e^2}{r_{ab}} + \frac{(J_1 - 2J_2 - K_1 + 2K_2)}{1 - S_{12}}$$

→ બંને હાઇડ્રોજન પરમાણુ એકબીજાથી દૂર હોય તો તેમની વચ્ચે overlaping ન થતાં, $S_{12} = 0$ થાય છે.

∴ ઉપરોક્ત બંને સ.ક. માં $S_{12} = 0$ મૂકતાં,

$$\therefore E_S = 2E_0 + \frac{e^2}{r_{ab}} + J_1 - 2J_2 + K_1 - 2K_2$$

$$\therefore E_A = 2E_0 + \frac{e^2}{r_{ab}} + J_1 - 2J_2 - K_1 + 2K_2$$

~~∴ $E_S$~~ અહીં, $2E_0 + \frac{e^2}{r_{ab}} + J_1 - 2J_2 = H_{11}$

$$\therefore E_S = H_{11} + (K_1 - 2K_2)$$

$$\therefore E_A = H_{11} - (K_1 - 2K_2)$$

**Conclusion :-**

→ અહીં, $H_{11}$ = Columbic intrigal છે. માટે તે ઋણાત્મક છે, $E_S < E_A$ છે. ∴ $H_2$ ની સ્થિરતા બંધની માહિતી આપે છે.

**S.Q** A પર. માટે $E_S = \alpha + K_1$ અને $E_A = \alpha - K_1$ છે. B પર. માટે $E_S = \alpha - K_2$ અને $E_A = \alpha + K_2$ છે. A અને B પર. માંથી કયો પર. stable હશે તે નક્કી કરો.

*****

**Que:-⑨** classical intaraction energy OR columbic intaraction energy.

U-06
F-08
[કુલંબિક આંતરપ્રક્રિયા શક્તિ] [Ec]

